Gujarati Midday Pg 14, 12th April 2022

# ક્રિપ્ટોકરન્સીનું માર્કેટ કૅપ ફરી એક વખત પાંચ ટકા ઘટ્યું

## આઇસી15 ઇન્ડેક્સમાં ૨૩૯૦ પૉઇન્ટનો ઘટાડો

**ક્રિપ્ટોકરન્સી** માર્કેટમાં રકાસ યથાવત્ રહેતાં માર્કેટ કૅપિટલાઇઝેશન તાજેતરના દિવસોમાં ફરી એક વખત પાંચ ટકા ઘટીને ૧.૮૭ ટ્રિલ્યન ડૉલર થયું છે. બીટકૉઇનમાં ૪૨,૦૦૦ ડૉલરની સપાટી પણ તૂટી જતાં ભાવ ૪૧,૧૩૭ ડૉલર પર આવી ગયો છે. આ જ રીતે ઈથેરિયમમાં ૬ ટકાના ઘટાડા સાથે ભાવ ૩૦૪૭ ડૉલર થઈ ગયો છે.

વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે અને ફેડરલ રિઝર્વ મોટા પ્રમાણમાં વ્યાજદરમાં વધારો કરે એવી ભીતિ સેવાઈ રહી છે. આવામાં યુક્રેનના પ્રમુખ વ્લોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે રશિયાએ કરેલા હુમલામાં હજારો લોકોનાં મોત થયાં છે. યુરોપિયન દેશોએ રશિયાથી ઑઇલ અને ગૅસની ખરીદી પર પ્રતિબંધ મૂકવા બાબતે ચર્ચાને આગળ વધારી છે. જોકે જર્મનીએ આ પગલાની ગંભીર આર્થિક અસરને જોતાં તેનો વિરોધ કર્યો છે. મુખ્ય ક્રિપ્ટોની




સાથે-સાથે ઑલ્ટરનેટિવ કૉઇનમાં પણ ઘસારો ચાલુ છે. સોલાનામાં ૬.૭૭ ટકા, કાર્ડાનોમાં ૭.૬૮ ટકા અને ટેરા લ્યુનામાં ૬.૬૦ ટકાના ઘટાડા સાથે ભાવ અનુક્રમે ૧૦૩.૩૮ ડૉલર, ૦.૯૫૩ ડૉલર અને ૮૭.૦૬ ડૉલર થઈ ગયા છે. દરમ્યાન ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ - આઈસી15 સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૭૫ ટકા (૨૩૯૦ પૉઈન્ટ) ઘટીને ૬૧,૧૯૦ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૩,૫૮૦ ખૂલીને ૬૫,૦૫૧ સુધીની ઉપલી અને ૬૦,૯૧૧ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.